Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/ ૯૯૯૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૦૪/૦૬/૨૦૨૩
૦૭

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ પ્રાથમિક,માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તરફ
જિ-સુરત.

૨/- આ સાથે સામેલ પરિપત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ક્રમાંક: દાંડીકુટીર/૨૦૨૩-૨૪/ 31

ક્યુરેટરશ્રીની કચેરી,
દાંડી કુટીર સંગ્રહાલય,
સેક્ટર-૧૩, ગાંધીનગર
તા.૦૯/૦૬/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી,
૩જો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવા લાઈન્સ,
ચોપાટી પાસે,સુરત.

વિષય: આપશ્રીના જિલ્લા અંતર્ગત કાર્યરત શાળાના બાળકો માટે દાંડીકુટીરની મુલાકાત અંગેનુ આપશ્રીની કક્ષાએથી જરૂરી આયોજન કરવા સારૂ સંબંધિતોને સુચના આપવા બાબત

માન. સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે દાંડી કુટીર મ્યુઝીયમ ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ હેઠળના પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ હેઠળનું ટેક્નોલોજી સંચાલિત મ્યુઝીયમ છે. તા. ૮ જાન્યુઆરી ૨૦૧૫ ના રોજથી આ મ્યુઝીયમ કાર્યરત છે. આ મ્યુઝીયમમાં ૧૪ પ્રકારની વિવિધ મલ્ટીમીડીયા ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ગાંધીજીના જીવન પ્રવાસ દ્વારા તેમના જીવનના પાઠોને સુંદર રીતે દર્શાવેલ છે, આ ટેક્નોલોજીનો ઉપયોગથી મુલાકાતીઓ ૮૨ મીનીટમાં આખા મ્યુઝીયમની અનુભુતી કરી શકે છે. આ મ્યુઝીયમ મહાત્મા ગાંધીજીના પ્રેરણાત્મક જીવન પર આધારિત સૌથી મોટું ટેક્નોલોજી સંચાલિત મ્યુઝિયમ છે જે ઓડિયો-વિડિયો, 3-ડી વિઝ્યુઅલ્સ, 360-ડિગ્રી શોને સાંકળતી આધુનિક ટેકનીકો સાથે ડિઝાઇન કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમમાં 42 મીટર ઊંચા શંકુ આકારનુ ગુંબજ છે જે મીઠાના ઢગલાનું પ્રતીક છે જે દાંડી કૂચનું પ્રતિનિધિત્વ કરે છે.

વધુમાં , આ મ્યુઝીયમની મુલાકાત અર્થે નજીવી ફી જેમ કે વિદેશી નાગરીકો માટે રૂ. ૨૦૦ અને ભારતીય નાગરીકો માટે રૂ.૧૦ (૪ વર્ષથી ઉપરના મુલાકાતીઓ માટે) રાખવામાં આવેલ છે જ્યારે શાળા /કોલેજના વિધાર્થીઓ માટે ભલામણ પત્ર રજુ કર્યેથી **નિ:શુલ્ક પ્રવેશ** આપવામાં આવે છે સદર મુઝીયમની દેશવિદેશના લાખો લોકોએ મુલાકાત લીધેલ છે.

આમ, ઉક્ત તમામ વિગતોને ધ્યાને રાખી સદર મ્યુઝીયમમાં ઉપલબ્ધ માહિતી ગુજરાત રાજ્ય અંતર્ગતની શાળાના બાળકો સુધી પહોંચે, બાળકોને આપણા દેશના ધડવૈયા મહાત્મા ગાંધીજીએ ભારત દેશ માટે આપેલ યોગદાન વિશે માહિતીગાર કરી શકાય અને આ મ્યુઝીયમમાં ઉપયોગમાં લેવાયેલ ટેક્નોલોજીનો અનુભવ કરી શકે તે હેતુથી બાળકોની સંગ્રહાલય ખાતે મુલાકાતનુ આયોજન કરવા સારૂ આપની કક્ષાએથી આપશ્રીના જિલ્લા હસ્તક, તાલુકા હસ્તક અને ગ્રામ્ય સ્તરે કાર્યરત શાળાઓમાં સદર બાબતે જરૂરી સુચના આપવા અત્રેથી વિનંતી છે અને સદર શાળાઓમાં વિસ્તૃત માહિતીની જરૂરીયાત અર્થે અત્રેના સંગ્રહાલયનો **info@dandi-kutir.com** ઈમેઈલ અથવા ટેલીફોન નંબર 079-232 72090મારફતે સંપર્ક સાધવા આપની કક્ષાએથી જરૂરી સુચના થઈ આવવા વિનંતી છે.

આભાર સહ,

M Patel

ક્યુરેટર,
દાંડી કુટીર સંગ્રહાલય,
ગાંધીનગર

9/6